# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૧૪–૭–૨૦૨૨ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૫–૭–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સરોલી બ્રીજથી વરીયાવ પ્રથમ ખાડી બ્રીજ સુધીના ૯૦.૦૦ મી. પહોળાઈ અને ૪.૮૫ કિ.મી. લંબાઈમાં આઉટર રીંગરોડને સી.સી. રોડ તરીકે પ્રથમ ફેઝમાં ૪૨.૦૦ મી. રોડની પહોળાઈમાં ડેવલપ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કે.કે.બી. પ્રોજેકટસ પ્રા.લિ.ને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૩,૮૨,૪૩,૯૦૦/– થી ૧૪.૪૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૭૩,૦૧,૫૧,૦૨૧–૬૦ ના ખર્ચે ઉકત કામ સોંપવા દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) અંગે નિર્ણય લેવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૫–૭–૨૦૨૨ નો પત્ર, આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવતી સુખડીમાં વિક્ષેપ ન પડે તે માટે ધી અક્ષયપાત્ર ફાઉન્ડેશન ધ્વારા સ્થાનિક કક્ષાએથી તેલની ખરીદી કરેલ જે અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૪) માં જણાવેલ વિગતે મંજુરી આપવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે આઈ.એચ.બી.ટી. વિભાગ માટે CLIA Principle આધારિત મશીન ફ્રી ઓફ કોસ્ટ ઈન્સ્ટોલ અને મેઈન્ટેઈન કરાવી ફકત કીટસ ખરીદવાના કામે દરખાસ્તના પત્રક–બ માં જણાવેલ વિગતે કુલ રૂા.૭,૮૬,૧૬૬/– ના થનાર ખર્ચની એકટની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા સદર કામ અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં રાત્રી સ્ક્રેપીંગ/બ્રશીંગની કામગીરીમાં ૪૦ થ્રી વ્હીલ ટેમ્પા ભાડેથી રોકવાના કામે સ્થા.સ.ઠ.નં.૬૯૩/૨૦૧૮ થી મંજુર થયેલ યુનીટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન કરવા લેખિત સંમતિ આપનાર ઈજારદારશ્રી શિવ એજન્સીને તા.૧–૭–૨૦૨૨ થી તા.૩૦–૧૧–૨૦૨૨ સુધી પ્રતિ કલાક રૂા.૯૦/– લેખે ૪ કલાક માટે પ્રતિદિન રૂા.૩૬૦/– મુજબ અંદાજી રકમ રૂા.૨૨,૦૩,૨૦૦/– ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

....૨

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, નોર્થ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ), ફા.પ્લોટ નં.૭૧ થી ૭૭ માં આવેલ મોહનદીપ કો.ઓ.હાઉસીંગ સોસાયટીના રસ્તાને સીમેન્ટ કોન્ક્રીટના બનાવવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૩૯૦/૨૦૨૧ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન માન્ય થયેલ કુલ–૧૧ ઈજારદારો (૧) મે.જયશ્રી ન્યુ ચામુન્ડા કન્સ્ટ્રકશન કું. (૨) પટેલ સંકેત હસમુખભાઈ, ઉંઝા (૩) મે.છનાભાઈ કે. પટેલ, કામરેજ (૪) રણજીત કન્સ્ટ્રકશન કું., મહેસાણા (૫) કે. કે. સાવલીયા, સુરત (૬) શ્રી સાંઈ કન્સ્ટ્રકશન કું. (૭) મે.જે.એમ.શાહ (૮) મે.કે.કે.બી. પ્રોજેકટસ પ્રા.લિ. (૯) મહેન્દ્ર એ. પટેલ (૧૦) ભવાની કન્સ્ટ્રકશન કું., સુરત અને (૧૧) તુષાર એન. રંગરેજ, સુરત પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૪૫,૯૭,૮૧૧–૮૩ થી ૨૩.૪૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૫૬,૭૩,૬૯૯–૮૦ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન (સરથાણા), ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧, ૨૨, ૩૮ તથા નવા સમાવિષ્ટ ગામો (ભાદા, વાલક તથા પાસોદરા) માં આવેલ વિવિધ મ્યુ.મિલ્કતોમાં વાર્ષિક ધોરણે રંગરોગાન કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૯૮૭/૨૦૨૧ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે કરવા સંમતિ આપનાર એકમાત્ર ઈજારદારશ્રી એ.બી.બિલ્ડકોનને ઉકત કામ ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૭,૮૦,૫૧૦/– થી ૪૦.૯૯% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૨૦,૯૭૮–૯૫ ના ખર્ચે સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન (સરથાણા) વિસ્તારમાં આવેલ જુદા જુદા ગાર્ડન તથા શાંતિકુંજમાં વાર્ષિક રેઈટ ધોરણે સિવિલ મેઈન્ટેનન્સ અને રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી વિજયભાઈ બાબુરાવ વાલ્હેનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૫,૦૭,૦૦૫–૪૩ થી ૨૫.૨૭% નીચુ એટલે કે રૂા.૨૬,૨૦,૭૮૫–૧૬ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૬–૭–૨૦૨૨ નો પત્ર, નવા પૂર્વ ઝોન (સરથાણા) વિસ્તારમાં સમાવિષ્ટ મોટાવરાછા, ઉત્રાણ તથા નવા સમાવિષ્ટ થયેલ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગોને વાર્ષિક રેઈટ ધોરણે મરામત તથા નિભાવ કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી કુંજનકુમાર એચ. રામાણીનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૯,૯૧,૯૦૧–૨૩ થી ૨૬.૯૯% નીચુ એટલે કે રૂા.૨૯,૧૪,૪૮૭–૦૯ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલના IHBT વિભાગમાં BIORAD કંપનીના GEL CARD ના મશીનના વપરાશમાં આવતી કન્ઝયુમેબલ્સ આઈટમો ઉપલબ્ધ કરાવવાના કામે દરખાસ્તના પત્રક–બ માં જણાવેલ વિગતે રૂા.૧૧,૩૩,૬૬૬–૮૮ ના થનાર ખર્ચની એકટની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા સદર કામ અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે સર્જરી અને ઓફથેલમોલોજી વિભાગ માટે Pedestal Light (Portable OT Light) Qty-7 ખરીદવાના કામે દરખાસ્તના પત્રક–બ માં જણાવેલ વિગતે રૂા.૨,૯૫,૭૧૩–૯૫ ના થનાર ખર્ચની એકટની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા સદર કામ અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–એ, ખરવરનગર ખાતે બલ્ક કન્ઝુમર પેટ્રોલ–ડીઝલ પંપ પ્રસ્થાપિત કરી પેટ્રોલ–ડીઝલ વિતરણ માટેની અલાયદી વ્યવસ્થા ઉભી કરવા તથા નવનિર્મિત થનાર મ્યુ.વર્કશોપ લાલ દરવાજા (કતારગામ) ખાતે બલ્ક કન્ઝુમર પેટ્રોલ–ડીઝલ પંપ ઈન્સ્ટોલ/પ્રસ્થાપિત કરવા અંગે દરખાસ્તના મુદ્દા નં.૧ થી ૩ માં જણાવેલ વિગતે સૈધ્ધાંતિક મંજુરી આપવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સુરત શહેરમાં નવા સમાવિષ્ટ કનકપુર–કનસાડ તથા તેને સંલગ્ન વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવા ડીંડોલી જળ વિતરણ મથકથી ભેસ્તાન રેલ્વે ઓવર બ્રીજ સુધી એમ.એસ. ટ્રાન્સમીશન નળીકા ખરીદ કરી નાંખવાના તેમજ જરૂરીયાત મુજબના વાલ્વ ખરીદ કરી ઈન્સ્ટોલ કરવાના કામે (પાર્ટ–૧) આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી Option-2 (Pipeline, Road Reinstatement) માટે કવોલીફાય થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શ્રી હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૩,૨૭,૪૦,૫૦૦/– થી ૪.૫૦% ઉચુ એટલે કે રૂ.૩,૪૨,૧૩,૮૨૨–૫૦ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન (ઉધના–એ) માં આવેલ ભેસ્તાન, ઉન, બમરોલી અને વડોદની ESR (ઓવર હેડ ટાંકી) પર સ્કાડા રૂમ અને સીકયુરીટી કેબીન બનાવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર કે. એલ. સોરઠીયા, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૫૫,૮૫,૪૬૫–૫૯ થી ૨૫.૮૦% ઉચુ એટલે કે રૂ.૭૦,૨૬,૫૧૫–૭૧ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, સુરત શહેરમાં નવા સમાવિષ્ટ કનકપુર–કનસાડ તથા તેને સંલગ્ન વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવા ભેસ્તાન રેલ્વે ઓવર બ્રીજથી સચીન પાવર હાઉસ સુધી એમ.એસ. ટ્રાન્સમીશન નળીકા ખરીદ કરી નાંખવાના તેમજ જરૂરીયાત મુજબના વાલ્વ ખરીદ કરી ઈન્સ્ટોલ કરવાના કામે (પાર્ટ–૨) આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી Option-2 (Pipeline, Road Reinstatement) માટે કવોલીફાય થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શ્રી હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૩,૧૨,૩૧,૫૦૦/– થી ૭.૭૦% ઉચુ એટલે કે રૂ.૩,૩૬,૩૬,૩૨૫–૫૦ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન (સરથાણા), ટી.પી. સ્કીમ નં.૨૦, ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૧, ૨૨, ૩૮ તથા ૬૮ માં સમાવિષ્ટ વિવિધ મ્યુ.મિલ્કતોમાં વાર્ષિક ધોરણે મરામત તથા નિભાવ કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી કુંજનકુમાર એચ. રામાણીનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૩૫,૧૭,૪૭૨–૧૬ થી ૨૬.૯૯% નીચુ એટલે કે રૂ.૨૫,૬૮,૧૦૬–૪૨ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ ઝોન (સરથાણા) માં નવા સમાવિષ્ટ થયેલ ગામો (વાલક, પાસોદરા, ભાદા, લસકાણા, ખડસદ, કઠોદરા) માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગોને વાર્ષિક ધોરણે મરામત તથા નિભાવ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મેસર્સ જે.એન. ભંડેરીનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૩૩,૯૫,૪૭૩–૬૬ થી ૨૫.૫૩% નીચુ એટલે કે રૂ.૨૫,૨૮,૬૦૯–૨૩ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ (સરથાણા) ઝોન–બી માં આવેલ પુણા, સિમાડા, સરથાણા વિસ્તારના વિવિધ ટી.પી.રસ્તાઓ તથા નવા સમાવિષ્ટ ગામોમાં વરસાદી ગટર લાઈન નાંખવાના, લાઈન શીફટીંગ કરવાના, રીપેરીંગ કરવાના તેમજ ઈનલેટ ચેમ્બર અને મશીનહોલ બનાવવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી પરિમલ કે. લાડનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૭૬,૭૮,૫૪૧–૭૫ થી ૧૦.૬૫% નીચુ એટલે કે રૂા.૬૮,૬૦,૭૭૭–૦૫ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૭–૭–૨૦૨૨ નો પત્ર, નવો પૂર્વ (સરથાણા) ઝોન–બી માં સમાવિષ્ટ મોટાવરાછા, ઉત્રાણ, અબ્રામા, કઠોર, વેલંજા, ઉમરા, ગોથાણ વિગેરે વિસ્તારના ટી.પી.રસ્તાઓ પર વરસાદી ગટર લાઈન નાંખવાના, પુરા પાડવાના, શીફટીંગ, રીપેરીંગ કરવાના તેમજ ઈનલેટ ચેમ્બર અને મશીનહોલ બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી પરિમલ કે. લાડનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૧૮,૧૭૧–૭૫ થી ૯.૩૩% નીચુ એટલે કે રૂા.૪૩,૬૮,૬૩૬–૩૩ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૨–૭–૨૦૨૨ નો પત્ર, Operation of existing food parlour at Multi Activity Zone in West Zone ના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ પાસેથી દરખાસ્તના પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ જે તે વર્ષે ભાડાની રકમ વસુલ કરી કુલ રૂા.૪,૯૧,૭૯૦/– ની મર્યાદામાં ૩ (ત્રણ) વર્ષ માટે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૦. મ્યુ.ક.શ્રીનો તા.૨–૭–૨૦૨૨ નો પત્ર, Operation of existing food parlour at Gandhi Baug in Central Zone ના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ પાસેથી દરખાસ્તના પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ જે તે વર્ષે ભાડાની રકમ વસુલ કરી કુલ રૂા.૫,૬૭,૪૫૦/– ની મર્યાદામાં ૩ (ત્રણ) વર્ષ માટે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૧. મ્યુ.ક.શ્રીનો તા.૨–૭–૨૦૨૨ નો પત્ર, Operation of existing food parlour at Maharaja Agrasen Udhyan (City light) in South West Zone ના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ પાસેથી દરખાસ્તના પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ જે તે વર્ષે ભાડાની રકમ વસુલ કરી કુલ રૂા.૬,૦૫,૨૮૦/– ની મર્યાદામાં ૩ (ત્રણ) વર્ષ માટે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૨. મ્યુ.ક.શ્રીનો તા.૮–૭–૨૦૨૨ નો પત્ર, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮–૬–૨૦૨૦ ના જાહેરનામા મુજબ ૦૨ નગરપાલિકાઓ તથા ૨૭ ગ્રામ પંચાયતોનો સુરત શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ હોય, હાલ ઉપસ્થિત સાઉથ ઝોન–બી (સચિન–કનકપુર) ખાતે તાકીદના ધોરણે જરૂરીયાત મુજબના સ્ટાફની ફાળવણી કરવા દરખાસ્તના મુદ્દામાં જણાવેલ વિગતે નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૩. મ્યુ.ક.શ્રીનો તા.૮–૭–૨૦૨૨ નો પત્ર, મહા.ના કતારગામ, બમરોલી, ભાઠેના તથા પાલ શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્રો ખાતે નજીકના ભવિષ્યમાં શરૂ થનાર ૫૦ બેડની હોસ્પિટલોમાં ઉપલબ્ધ થનાર વિવિધ વિભાગોની સારવાર માટે મા.સા.સ.ઠ.નં.૧૨૮/૨૦૧૮, ઠ.નં.૧૩૦/૨૦૧૮ તથા ઠ.નં.૩૬૧/૨૦૧૮ મુજબ દરખાસ્ત સાથે સામેલ "પત્રક–અ" માં જણાવેલ ચાર્જીસને અમલમાં મુકવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૪. મ્યુ.ક.શ્રીનો તા.૮–૭–૨૦૨૨ નો પત્ર, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં.એઆઈએસ/૩૫.૨૦૨૦/૨૧/જી, તા.૭–૭–૨૦૨૨ થી શ્રી આર.જે.માંકડીયા, IAS(નિવૃત્ત) ની ઓફીસર ઓન સ્પેશ્યલ ડયુટી, સુરત મહા. ખાતેની તેઓની સેવાની મુદત અધિકારી તરીકે ચાર્જ સંભાળ્યા તારીખથી વધુ એક વર્ષ સુધી અથવા બીજો હુકમ ન થાય ત્યાં સુધી એ બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૫–૧–૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક એઆઈએસ/૩૫.૨૦૨૦/૨૧/જી મુજબ નિયત કરવામાં આવેલ શરતો અને બોલીઓને આધિન કરારીય નિમણુંકની મુદત વધુ લંબાવવામાં આવેલ જે ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉકત નોટીફીકેશનની જાણ લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૭–૨૦૨૨ નો પત્ર, નવા પૂર્વ (સરથાણા) ઝોન–બી માં આવેલ સુરત–કામરેજ રોડ તથા સવજી કોરાટ બ્રીજથી સીમાડા નહેર જંકશન તેમજ સીમાડા નહેર જંકશનથી વનમાળી જંકશન સુધીના રોડ પર આવેલ ડામર રસ્તાઓ તેમજ સી.સી. રોડ પર જુદા જુદા જંકશન તેમજ ઈન્ટર સેકશન ઉપર સાયકલ ટ્રેક માટે ગ્લાસ બીડ સાથે હોટથર્મોપ્લાસ્ટીક પેઈન્ટ (એસીયન, બર્જર અને MoRTH મુજબ) અને ફલોર માર્કીંગ પેઈન્ટ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૫૫૨/૨૦૨૨ થી મંજુર થયેલ ભાવો અને શરતો મુજબ કરવા ઈ.એમ.ડી.ની રકમ સહિત સંમતિપત્રક આપનાર કુલ–૨ ઈજારદારો (૧) કૌશલ દેવીદાસ હરપ્લાની અને (૨) શ્રી વિનાયક કોર્પોરેશન પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ રૂા.૬૨,૩૯,૪૮૪/– ની મર્યાદામાં સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તેમજ સદર કામે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૨૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૭–૨૦૨૨ નો પત્ર, સેન્ટ્રલ ઝોન ખાતેની કાર્યપાલક ઈજનેર (સીવીલ) ની તા.૩૧–૭–૨૦૨૨ ના રોજ ખાલી પડનાર જગ્યા, જગ્યા પડયેથી એબેયન્સમાં રાખી તેની સામે કાર્યપાલક ઈજનેર (સીવલ)(કરારીય) ની એક જગ્યા સેન્ટ્રલ ઝોન ખાતે ઉપસ્થિત કરી તે જગ્યા ઉપર વયનિવૃત્ત થનાર શ્રી બીપીનચંદ્ર આર. ભટ્ટને સરકારશ્રીની મંજુરી મળ્યેથી, કચેરી હુકમ ઈસ્યુ થયેથી ૧૧ માસ માટે અથવા કાયમી જગ્યા ભરાય નહી ત્યાં સુધી અથવા સરકારશ્રી ઈચ્છે ત્યાં સુધી, ત્રણમાંથી જે વહેલું હોય તેટલા સમય માટે દરખાસ્તમાં જણાવેલ શરતોને આધિન નિવૃત્તિ સમયના સાતમા પગારપંચના બેઝિક પગારના ૩૫% મુજબ માસિક એકત્રિત વેતનથી કરારીય ધોરણે નીમવા તથા સરકારશ્રી ધ્વારા વખતોવખત કરારીય શરતોમાં સુધારો કરવામાં આવે તો તે શરતોનો અમલ કરવા તથા સદર બાબતે સરકારશ્રીની મંજુરી અર્થે જરૂરી પત્ર વ્યવહાર કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તેમજ આ અંગેની આનુસાંગિક કાર્યવાહી સેન્ટ્રલ ઝોન મારફત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૭. મ્યુ.ક.શ્રીનો તા.૨–૭–૨૦૨૨ નો પત્ર, હેડ વોટર વર્કસ(વરાછા) ખાતે ૬.૦૦ લાખ લીટર ક્ષમતાના પમ્પ હાઉસ સહિત આર.સી.સી. ભૂર્ગભ ટાંકી બનાવવાના કામના ઈજારદાર પટેલ રમેશકુમાર કેશવલાલ, મહેસાણાની દરખાસ્તમાં જણાવેલ રજુઆતો ધ્યાને લઈ તેઓને મહા.ના તમામ કામો માટે ૧ (એક) વર્ષ માટે ડીબાર કરવા તથા ૧ (એક) વર્ષ માટે કાળીયાદીમાં મુકી નવા કોઈપણ પ્રકારના કામ ન સોંપવા તથા તેઓ ધ્વારા કરેલ કામગીરીના બાકી નીકળતા નાણાં તેમજ જમા સીકયોરીટી ડીપોઝીટની તમામ પ્રકારની રાશી સ્થગિત કરી જપ્ત કરવા નિર્ણય લેવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૧૦૧૨/૨૦૨૨ અનુસાર ઈજારદાર પટેલ રમેશકુમાર કેશવલાલ, મહેસાણાને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

૨૮. મ્યુ.ક.શ્રીનો તા.૪-૭-૨૦૨૨ નો પત્ર, સ્થા.સ.ઠ.નં.૧૦૧૦/૨૦૨૦ ની મંજુરીથી સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડી' બ્લોકના ભોંયતળીયે આવેલ કેન્ટીન તથા સ્થા.સ.ઠ.નં.૭૫/૨૦૨૧ ની મંજુરીથી સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે આવેલ ગર્લ્સ હોસ્ટેલ ખાતેની મેસ ભાડેથી ચલાવવાના કામના ઈજારદારશ્રી અશોક બિશેશ્વર રામએ ભાડુ, પેનલ્ટી, લાઈટબીલની રકમ, સ્ટેમ્પ ડયુટીની રકમ ભરવામાં/જમા કરવા માટે આપેલ નોટીસ તેમજ રૂબરૂ સુનાવણીના અનુસંધાને ઈજારદાર સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયેલ હોય, ઈજારદાર પાસેથી વસુલ કરવાપાત્ર બાકી લેણાં રકમ વસુલવા બાબતે નીતિવિષયક નિર્ણય લઈ, ઈજારદાર ધ્વારા જમા કરવામાં/ભરવામાં આવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૧,૮૩,૯૨૫/- GLAC-1808 ખાતે જપ્ત કરવા તેમજ ઈજારદાર ધ્વારા રજૂ કરેલ રૂા.૧,૦૫,૫૫૩-૨૫ અને કરવામાં આવનાર બીલ/ચલણનું ચુકવણુ ન કરી, ઈજારદારને આગામી પાંચ વર્ષ સુધી મહા.ની કાળી યાદીમાં મુકવા નિર્ણય લેવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૧૦૧૩/૨૦૨૨ અનુસાર ઈજારદારશ્રી અશોક બિશેશ્વર રામને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૧-૭-૨૦૨૨.

ANAHITA.